# લિવિંગ કિડની ડોનેશન (વ્યક્તિ જ્યારે જીવંત હોય ત્યારે જ તેની કિડનીનાં દાતા બનવા તૈયાર થાય તે)

## લિવિંગ કિડની ડોનેશન એ શું છે?

આપણામાંથી મોટા ભાગના લોકો બે કિડની સાથે જન્મ્યા હોય છે. તેમ છતાં, એક સ્વસ્થ વ્યક્તિ માત્ર એક જ કિડની સાથે સામાન્ય, સ્વસ્થ જીવન જીવી શકે છે. આનો મતલબ એ થયો કે એક સ્વસ્થ વ્યક્તિ એવા કોઇ દર્દીને પોતાની કિડની (દાતા રૂપે) આપી શકે છે કે જેની (બંને) કિડનીઓ કામ કરતી ન હોય. આ દાતા તરીકે અર્પણ કરવાની ક્રિયાને લિવિંગ કિડની ડોનેશન કહે છે. એવી વ્યક્તિ કે જે પોતાની કિડનીને કોઇ જરૂરિયાત ધરાવતા દર્દીને દાતા તરીકે અર્પણ કરે છે તેને "લિવિંગ ડોનર" કહે છે, અને એવો દર્દી કે જેને કિડની મેળવવાની જરૂરિયાત છે તેને "ટ્રાન્સપ્લાન્ટ કેન્ડીડેટ" કહે છે.

કોઈપણ પુખ્ત વયના લોકો કે જેમની તબિયત સારી છે તેમનુ જીવંત દાતા બનવા માટે જરૂરી પરીક્ષણ કરી શકાય છે.. એ બાબતને સુનિશ્ચિત કરવા કે પોતે જે દર્દીને જરૂર છે તેને દાતા તરીકે કિડની અર્પણ કરવા માટે સ્વસ્થ છે, પ્રત્યેક કિડનીનાં દાતા બનવા તૈયાર વ્યક્તિએ જરૂરી એવો તબીબી ચેક-અપ સંપૂર્ણપણે પૂર્ણ કરવાનો રહે છે.

કિડની ડોનેશનની પ્રક્રિયામાં દાતાના શરીરમાંથી એક કિડનીને દૂર કરવા માટે સામાન્ય શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર પડે છે અને એ કિડનીને કાઢ્યા પછી જે દર્દીને પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે તેના શરીરમાં રોપણ કરવા માટે વિશિષ્ટ શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર પડે છે. ડોનેશન કર્યા પછી દાતાની બાકી રહેલી કિડની સખત રીતે એટલા માટે કામ કરવાનું શરૂ કરી દે છે કે જેથી દૂર કરાયેલી કિડનીની ખોટને ભરપાઇ કરવા તે સારી રીતે કામ કરી શકે. એ બાબતને સુનિશ્ચિત કરવા કે પોતાની બાકી રહેલી કિડની હજુ પણ સારી રીતે કામ કરે છે, દાતાએ પ્રત્યેક વર્ષે ડૉક્ટર પાસે જઇને ચેક-અપ કરાવવાનું રહે છે.

## કેટલાક દર્દીઓને શા માટે કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર પડે છે?

કિડની આપણા લોહીમાંથી (મુખ્યત્વે પેશાબ વાટે યુરિયા અને યુરિક ઍસિડ) કચરો દૂર કરે છે. તેઓ આપણા શરીરમાં મીઠું (સોડિયમ) અને પ્રવાહીનાં સ્તરોને પણ નિયંત્રિત કરે છે. કેટલીકવાર, કોઈ માંદગી કે બીમારી, જેમ કે ઉચ્ચ લોહીનું દબાણ કે મધુપ્રમેહ, થવાથી કિડની કામ કરતી બંધ થઇ શકે છે. જ્યારે આમ થાય, ત્યારે તેને "અંતિમ તબક્કાનો કિડનીનો રોગ " કહેવાય છે કારણ કે બંને કિડનીઓ જે યોગ્ય ક્ષમતા સાથે કામ કરી રહી છે એ હવે બંધ થવાને આરે છે. જ્યારે બેય કિડનીઓ કામ કરતી બંધ થઇ જાય ત્યારે દર્દીએ લોહીમાંથી કચરો દૂર કરવા માટે અમુક પ્રકારની સારવાર કરાવવાની જરૂર પડે છે. એક વિકલ્પ કિડનીનાં પ્રત્યારોપણનો છે. કિડનીને

કાં તો કોઈ સ્વસ્થ જીવંત વ્યક્તિ (લિવિંગ ડોનર) પાસેથી મેળવી શકાય છે અથવા તો તાજેતરમાં મૃત્યુ પામનાર કોઈ વ્યક્તિ (ડિસીસ્ડ ડોનર) પાસેથી મેળવી શકાય છે. ડાયૅલિસિસ અન્ય એક વિકલ્પ છે. લોહીમાંથી કચરો દૂર કરવા માટે ડાયૅલિસિસ યંત્રનો ઉપયોગ કરે છે. (પરંતુ) જેઓ પાત્રતા ધરાવે છે, તેમના માટે લિવિંગ ડોનર (જીવંત વ્યક્તિ) એ શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે.

## લિવિંગ કિડની ડોનેશનનાં શું-શું ફાયદાઓ છે?

- જે દર્દીઓ અંતિમ તબક્કાના કિડની રોગ સુધી પહોંચી ગયા હોય અને કિડનીનાં પ્રત્યારોપણ માટે પાત્ર બનતા હોય તેમના માટે લિવિંગ (જીવંત) ડોનર પાસેથી કિડની મેળવવી એ શ્રેષ્ઠ સારવાર બની રહેશે.
- એક લિવિંગ (જીવંત) ડોનર પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલી કિડની એક ડિસીસ્ડ ડોનર (તાજેતરમાં મૃત્યુ પામનાર કોઈ વ્યક્તિ) પાસેથી પ્રાપ્ત કરવામાં આવેલી કિડની કરતાં ઘણો લાંબો વખત કામ કરે છે.
- લિવિંગ (જીવંત) કિડનીનું ડોનેશન ડાયૅલિસિસ માટેની દર્દીની જરૂરિયાતને ઘટાડી શકે છે અથવા તો અટકાવી પણ શકે છે.
- ડિસીસ્ડ ડોનર (તાજેતરમાં મૃત્યુ પામનાર કોઈ વ્યક્તિ) પાસેથી કિડની મેળવવા માટે પ્રતીક્ષા સૂચિમાંથી એવા પ્રત્યેક દર્દીનું નામ દૂર કરવામાં આવે છે કે જે લિવિંગ (જીવંત) ડોનર પાસેથી (કિડની મેળવીને) પ્રત્યારોપણ કરાવે છે. આમ થવાથી જે અન્ય દર્દીઓ પ્રત્યારોપણ માટેની પ્રતીક્ષા સૂચિમાં પ્રતીક્ષા કરી રહ્યા હોય તેમને (પોતાના વારા માટે) ઓછા સમય માટે પ્રતીક્ષા કરવાની રહે છે.
- ડોનેશન તેમજ પ્રત્યારોપણની શસ્ત્રક્રિયાઓને એવા સમયે આયોજિત કરી શકાય છે કે જ્યારે કિડનીનાં દાતા બનવા તૈયાર વ્યક્તિ અને જેને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એ દર્દી, બન્નેનું જેટલું શક્ય બની શકે તેટલું શ્રેષ્ઠ સ્વાસ્થ્ય જળવાઈ રહેલું હોય. સારું સ્વાસ્થ્ય જળવાઈ રહેવાથી શસ્ત્રક્રિયા કરાવ્યા પછી ઝડપથી સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ થાય છે.
- એવા અનેક લોકો, કે જેમણે પોતાની કિડનીઓને એક દાતા તરીકે અર્પણ કરી છે, એવું કહે છે કોઈક જરૂરિયાતવાળી વ્યક્તિને મદદ કરવી એ હકીકતે એક સકારાત્મક વ્યક્તિગત અનુભવ પ્રાપ્ત કરવાનું એક પુણ્યશાળી કામ છે.

## શું કોઈ પણ વ્યક્તિ તેની કિડની માટે દાતા બની શકે છે?

સ્વસ્થ હોય તેવી કોઈપણ પુખ્તવયની વ્યક્તિ લિવિંગ (જીવંત) કિડની દાતા બનવા માટે પાત્ર બની શકે છે. જે કિડનીનાં દાતા બનવા તૈયાર છે એ વ્યક્તિ પ્રત્યારોપણ કરાવવાની જરૂરિયાતવાળા દર્દીનો પારિવારિક સભ્ય, મિત્ર, પાડોશી અથવા પરિચિત હોઈ શકે છે. એવું જરૂરી નથી કે કિડનીનાં દાતા બનવા તૈયાર છે એ વ્યક્તિ પ્રત્યારોપણ કરાવવાની જરૂરિયાતવાળા દર્દી જેવડી (સમાન) ઉંમરની હોય, એક જાતિની હોય કે પછી એનાજ વંશની હોય. વાસ્તવિકપણે, તે એવો કોઈ પણ વ્યક્તિ હોઈ શકે છે કે જે દાતા બનવા માટે ઇચ્છુક હોય.

સંભવિત દાતા અને પ્રત્યારોપણ કરાવનાર ઉમેદવાર બંનેએ દાન અને પ્રત્યારોપણ સાથે આગળ વધતા પહેલા તબીબી પરીક્ષણો અને મૂલ્યાંકન પૂર્ણ કરવું આવશ્યક છે. દાખલા તરીકે, કિડનીનાં દાતા બનવા તૈયાર થનાર વ્યક્તિ એટલા પ્રમાણમાં સ્વસ્થ હોવી જોઇએ કે તે શસ્ત્રક્રિયા કરાવી શકે તેમજ માત્ર એક કિડની સાથે પણ સ્વસ્થ રહી શકે. એ જ રીતે, ભલે કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂરિયાતવાળો દર્દી અંતિમ તબક્કાના કિડની રોગ સુધી પહોંચી ગયો હોય અને તેને નવી કિડની મેળવવાની જરૂરિયાત હોય, (તો પણ) આ દર્દી એટલી માત્રામાં સ્વસ્થ હોવો જોઈએ કે તે શસ્ત્રક્રિયા કરાવી શકે અને સાથોસાથ પછીથી કરાવવામાં આવનાર કિડની માટેની અસ્વીકાર-વિરોધી સારવાર પણ સારી રીતે લઈ શકે. દાતાનું લોહી અને ટિસ્યૂ ટાઇપ કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂરિયાતવાળા દર્દી સાથે અનુરૂપ બની શકે છે કે કેમ એ ચકાસવા માટે વિશિષ્ટ લોહીનાં પરીક્ષણો પણ કરાવવામાં આવે છે. જો આ પરિબળો અનુરૂપ બને, તો કિડનીનાં દાતા બનવા તૈયાર થયેલી વ્યક્તિ અને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂરિયાતવાળા દર્દીને "સુસંગત જોડ" તરીકે ઓળખવામાં આવે છે અને (તેથી) પ્રત્યારોપણની જરૂરિયાતવાળો દર્દી એ દાતા પાસેથી કિડની પ્રાપ્ત કરી શકે છે. તબીબી પરીક્ષણો અને અન્ય મૂલ્યાંકનો માટે સવારનાં સમયમાં તબીબી અપૉઇન્ટમેન્ટ્સ લેવાની રહેશે (મુલાકાતો લેવા માટે અગાઉથી આયોજન કરવાનું રહેશે).

ડોનેશન પછી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દાતા પોતાનું સારું સ્વાસ્થ્ય જાળવી રાખશે. સ્વસ્થ રહેવા માટે ફેમિલી ડૉક્ટર પાસેથી નિયમિતપણે ચેક-અપ કરાવવાનો અને સ્વાસ્થ્યની સંભાળ લેવાનો સમાવેશ થાય છે.

## જો કિડનીના દાતા બનવા માટે તૈયાર થયેલ વ્યક્તિ(ની કિડની) અને જેને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એ દર્દી(ની કિડની) એકબીજા સાથે અસંગત હોય, તો શું?

જો લોહીનાં પરીક્ષણો એવું દર્શાવતાં હોય કે કિડનીનાં દાતા બનવા તૈયાર થયેલ વ્યક્તિ તેમજ જેના પર કિડનીનું પ્રત્યારોપણ થવાનું છે એ દર્દીની કિડનીઓ અનુરૂપ ન બનતી હોય, તો તેમને "અસંગત જોડ" તરીકે ઓળખવામાં આવે છે. જો દાતાના બ્લડ ટાઇપ(નું પરીક્ષણ) પ્રત્યારોપણ કરાવનાર દર્દીના બ્લડ ટાઇપ(નાં પરીક્ષણ) સાથે સુસંગત ન હોય, તો આમ થઈ શકે છે. અથવા, તેનો અર્થ એવો થઈ શકે છે કે જેને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એ દર્દીને તેના લોહીમાં (ઍન્ટિબૉડીઝ તરીકે ઓળખાતા) પ્રોટીન્સ જોવા મળે છે જે દાતા તરફથી પ્રાપ્ત કરેલી કિડનીને સ્વીકારશે નહીં.

જો દાતા તરીકે કિડની અર્પણ કરનાર વ્યક્તિની કિડની જેને પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એવા દર્દીની કિડની સાથે સુસંગત ન હોય, તો તેઓ કિડની પૅર્ડ ડોનેશનનાં કાર્યક્રમ મારફતે જેને પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એવા દર્દી માટે હજુ પણ યોગ્ય કિડની શોધવાની કોશિશ કરી શકે છે. આ કાર્યક્રમ કિડનીનાં દાતાઓને જેને પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એવા દર્દીઓ(ની કિડનીઓ) સાથે અનુરૂપ બનાવે છે. વધુ જાણકારી મેળવવા

માટે, તમારા કિડની ડોનેશનનાં કાર્યક્રમમાં અથવા ટ્રાન્સપ્લાંટ સેન્ટર (પ્રત્યારોપણ કેન્દ્ર)માં પૂછો અથવા blood.ca/organs-tissues પર જાવ.

## લિવિંગ ડોનેશનનાં પ્રકારો

**ડિરેક્ટેડ ડોનેશન:** આ પ્રકારનું ડોનેશન ત્યારે થઇ શકે છે કે જ્યારે કિડનીનાં દાતા બનવા તૈયાર થયેલી વ્યક્તિ અને જેને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એ દર્દી, બન્ને એકબીજાને ઓળખતા હોવા ઉપરાંત બંનેની કિડનીઓ અનુરૂપ બનતી હોય. ડિરેક્ટેડ દાતાઓ કે જેમને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એ દર્દી સાથે સગાં તરીકે લોહીનો સંબંધ ધરાવનાર હોઇ શકે છે (દાખલા તરીકે, માતા-પિતા, બાળકો, ભાઇઓ અને બહેનો, દાદા-દાદી) અથવા તો લોહીનો સંબંધ ન હોય તેવી પરિચિત વ્યક્તિ પણ હોઇ શકે છે (દાખલા તરીકે, જીવનસાથી, મિત્ર, સહકાર્યકર).

**નૉન-ડિરેક્ટેડ એનૉનિમસ ડોનેશન (એન.ડી.એ.ડી.):** આ પ્રકારનું ડોનેશન ત્યારે થઇ શકે છે કે જ્યારે કિડનીનાં દાતા બનવા તૈયાર થયેલી વ્યક્તિની કિડની એવી કોઇ પણ દર્દીમાં રોપિત થઇ શકે છે કે જેની સાથે એ અનુરૂપ બનતી હોય અને એ દર્દીને પ્રત્યારોપણ કરાવવા માટેની જરૂર હોય. આ પ્રકારના ડોનેશનનાં માધ્યમથી જો કિડની એવા કોઇ દર્દીને આપવામાં આવી હોય કે જેનું પ્રતીક્ષા સૂચિમાં નામ હોય તો જેને કિડનીનું પ્રત્યારોપણ કરાવવાની જરૂર છે એવા દર્દીને એ મદદરૂપ સાબિત થાય છે. વૈકલ્પિક રૂપે, કિડની પૅર્ડ ડોનેશનનાં કાર્યક્રમ મારફતે આ પ્રકારનું ડોનેશન થવાથી અનેક લોકોને મદદ મળી શકે છે. આ કાર્યક્રમમાં એક એન.ડી.એ.ડી. તરફથી પ્રાપ્ત કરવામાં આવેલ કિડની ડોનેશનમાંથી દાતાઓની (સુસંગત) કિડનીઓની આખી શૃંખલાનો સેવાકીય દીપ પ્રગટાવવા દ્વારા અનેક પ્રત્યારોપણોની શૃંખલા સર્જી શકાય છે.

તમારા પ્રાંતમાં આવેલ લિવિંગ ડોનેશનનો કાર્યક્રમ તમને કિડની પૅર્ડ ડોનેશનનાં કાર્યક્રમ વિશે વધુ જાણકારી આપી શકે છે. તમે blood.ca/organs-tissues પર જઇને ઑનલાઇન પણ વધુ જાણકારી મેળવી શકો છો.

## હું કેવી રીતે શરૂઆત કરી શકું છું?

જો તમે એવી કોઇ દર્દીને ઓળખતા હો કે જે કિડનીનું પ્રત્યારોપણ કરાવવા માટે પ્રતીક્ષા કરી રહ્યા છે, તો તમે એમની સાથે વાત કરી શકો છો. અથવા, તમે તમારા પ્રાંતમાં આવેલા લિવિંગ ડોનેશન કાર્યક્રમનો સંપર્ક કરી શકો છો. જો તમે નૉન-ડિરેક્ટેડ એનૉનિમસ ડોનર બનવા ઇચ્છતા હો, તો તમારા પ્રાંતમાં રહેલ લિવિંગ ડોનેશનનાં કાર્યક્રમ મારફતે તમે વધુ જાણકારી મેળવી શકો છો. કેનેડામાં લિવિંગ ડોનેશન કાર્યક્રમો માટેની સંપર્ક માહિતી blood.ca/organs-tissues ખાતે ઑનલાઇન ઉપલબ્ધ છે.

*કેનેડિયન બ્લડ સર્વિસિઝ એ એક બિન-નફાકારક સેવાભાવી સંસ્થા છે. જૈવિક ઉપચારશાસ્ત્ર તરીકે હેલ્થ કેનેડા દ્વારા નિયંત્રિત અને મુખ્યત્વે સ્વાસ્થ્યનાં પ્રાંતીય અને પ્રાદેશિક મંત્રાલયો દ્વારા નાણાકીય જોગવાઈ પૂરી પાડવામાં આવતી હોય એવી કેનેડિયન બ્લડ સર્વિસિઝ નેશનલ સ્કોપ (દેશભરમાં અસરકારક રીતે લાભોને વિસ્તૃત કરી શકનારું), ઇન્ફ્રાસ્ટ્રક્ચર (દેશભરમાં સુવિધાઓ અને પ્રણાલીઓનાં સંપુટથી દેશભરમાં સેવા કરવાવાળું) તેમજ ગવર્નન્સ (દેશનું શાસન સારી રીતે ચલાવતું હોય તેવું)નું એવી રીતે સંચાલન કરે છે કે કેનેડિયન સ્વાસ્થ્ય સંભાળ સેવા સાથે તે અનન્ય બને છે. લોહી, પ્લાઝ્મા અને સ્ટેમ સેલ્સના ક્ષેત્રમાં, ક્વિબેક સિવાય, અમે તમામ પ્રાંતીય અને પ્રાદેશિક સરકારો વતી દર્દીઓ માટે સેવાઓ પ્રદાન કરીએ છીએ. અવયવો અને ટિસ્યૂ ટાઇપના ક્ષેત્રમાં, અમે રાષ્ટ્રીય પ્રતીક્ષા સૂચિ અને આંતરપ્રાંતીય અવયવ બાબતે જાણ કરતી નોંધણીઓનું સંચાલન કરીએ છીએ તેમજ અમારી પ્રણાલીમાં સુધારો લાવવા માટે પ્રાંતીય કાર્યક્રમો સાથે સહયોગ સાધીને કામ કરીએ છીએ.*

*www.blood.ca/organs-tissues*